પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૩૪ | ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૮, બુધવાર ; મહા વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### ઓરીસ્સાના આવકવેરા અધિકારીની ધરપકડ

ઓરીસ્સાના એક આવકવેરા અધિકારીની સીબીઆઈએ ધરપકડ કરી છે. આ અધિકારીએ એક કેસમાં કાર્યવાહી પડતી મુકવા ૪૦ હજારની લાંચની માંગ કરી હતી.

### રાજસ્થાનના એક લાખ યુવાનોને ડિસેમ્બર સુધી રોજગારી

રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેએ ડિસેમ્બર માસના અંત સુધી ૧,૦૦,૮૦૦ યુવાનોને રોજગારી આપવાનો નિર્ણય કર્યો છે.

### જીએસટીમાં રૂ. ૭.૪૪ લાખ કરોડ મળશે

૨૦૧૮-૧૯ના નાણાંકીય વર્ષના પ્રારંભે જીએસટીના કારણે રૂ. ૭.૪૪ લાખ કરોડની આવક સરકારને થશે તેવો અંદાજ બાંધવામાં આવ્યો છે. જીએસટીમાંથી મહેસુલી આંકડો આ નાણાંકીય વર્ષના અંત સુધી એક લાખ કરોડ સુધી પહોંચી જશે. સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા કરચોરી વિરોધી પગલા અસરકારક સાબિત થઈ રહ્યા છે.

### અલ્પેશ ઠાકોર પહોંચ્યા મધ્યપ્રદેશ

ગુજરાત ઓબીસી મંચના નેતા અને ધારાસભ્ય અલ્પેશ ઠાકોર વિધાનસભાની આગામી ચૂંટણી સંદર્ભે મધ્યપ્રદેશ પહોંચ્યા હતા. જ્યાં તેમને ઓબીસી સમુદાયને સંબોધન કર્યુ હતુ અને ભાજપ વિરૂદ્ધ મોરચો માંડ્યો હતો.

# અંતે હાફિઝ આતંકવાદી જાહેર

**ભારત-અમેરિકાના દબાણમાં પાકિસ્તાન ઝૂક્યુ : હાફિઝને સણસણતો તમાચો, જમાત ઉદ દાવા ત્રાસવાદી સંગઠન જાહેર : ખાતાઓ સીલ થશે : પાકિસ્તાનના રાષ્ટ્રપતિએ ત્રાસવાદ વિરોધી કાયદામાં ફેરફાર અંગેના વટહુકમને મંજુરી આપી : લશ્કર એ તોઇબાને પણ ફટકો પડશે**



ઈસ્લામાબાદ, તા.૧૩

અમેરિકા અને ભારતનાં દબાણમાં આવીને આખરે પાકિસ્તાનને આતંકવાદીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની ફરજ પડી છે. પાકિસ્તાનમાં હાફિઝ સઈદને મોટો ફટકો પડયો છે. તેના આતંકી સંગઠન જમાત-ઉદ-દાવાને પાકિસ્તાને સત્તાવાર રીતે આતંકી સંગઠન જાહેર કરી દીધું છે. પાકિસ્તાનના રાષ્ટ્રપતિ મમનુન હુસેને હાફિઝ સઈદનાં સંગઠનને આતંકી સંગઠન જાહેર કરતા વટહુકમ પર પોતાની સહી દીધી છે.

આ વટહુકમનો ઉદ્દેશ્ય સંયુકત રાષ્ટ્રસંઘની સુરક્ષા સમિતિ (યુએનએસસી) દ્વારા પ્રતિબંધિત વ્યકિતઓ અને સંગઠનો પર લગામ લગાવવાનો છે. આ યાદીમાં જમાત-ઉદ-દાવા (જેયુડી) અને તાલિબાન જેવા કેટલાંય આતંકી સંગઠનોનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિની સહી બાદ જમાત-ઉદ-દાવા સત્તાવાર રીતે આતંકી સંગઠનની યાદીમાં આવી ગયું છે.

જો આ વટહુકમ કાયદો નહીં બને તો તેની સમયમર્યાદા બાદ જમાત-ઉદ-દાવા પરથી પ્રતિબંધ આપોઆપ હટી જશે.

● અનુસંધાન પાન-૭ પર

## મણિશંકર ઐયરના ‘પાકિસ્તાન પ્રેમ’થી દેશભરમાં ઉગ્ર પ્રત્યાઘાત

**વાતચીતને લઈને પાક. પોલિસી પર ગર્વ, ભારતથી દુઃખી : બંને દેશોના ખરાબ સંબંધો માટે ભારત જવાબદાર, દુશ્મન દેશમાં જઇને ભારત વિરૂધ્ધ ઝેર ઓકયુ પુર્વ કેન્દ્રીય મંત્રીએ**



ન્યુ દિલ્હી, તા.૧૩

કોંગ્રેસમાંથી બરતરફ કરાયેલા નેતા મણિશંકર ઐય્યરે કરાચીના એક કાર્યકમમાં ભારત અને પાકિસ્તાનના સંબંધો અંગે વાત કરતાં પાકિસ્તાનની પ્રશંસા કરીને જણાવ્યું હતું કે હું પાકિસ્તાનને ભારત જેટલો જ પ્રેમ કરું છું. તેમનાં આ નિવેદને નવો વિવાદ જગાવ્યો છે. કારણ એક તરફ સરહદ પર પાક. સતત હુમલા કરી રહ્યું છે ત્યારે મણિશંકરને આ રીતે એકાએક પાકિસ્તાન પર પ્રેમ કેવી રીતે ઊભરાઈ ગયો? તેવા પણ સવાલો થવા લાગ્યા છે. મણિશંકર ઐયરના આ વિવાદાસ્પદ નિવેદન બાદ તેમના ‘પાકિસ્તાન પ્રેમ’ની ચોમેરથી આકરી ટીકાઓ થઈ રહી છે અને રાજકીય ક્ષેત્રે તેના ઉગ્ર પ્રત્યાઘાત પડ્યા છે.

કરાચીમાં સાહિત્ય મહોત્સવ અંતર્ગત યોજાયેલા કાર્યકમમાં ભાગ લેવા ગયેલા મણિશંકર ઐય્યરે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોના સમાધાન માટે બિન શરતી વાતચીત જ એક ઉપાય છે. તેથી આ રીતે જ ઉકેલ આવી શકે તેમ છે તેવી પણ વણમાગી સલાહ આપી હતી. આ દરમિયાન તેમણે પાકિસ્તાનની પ્રશંસા કરી જણાવ્યું હતું કે ભારત પાસે સમાધાન માટેની કોઈ નવી નીતિ નથી.

● અનુસંધાન પાન-૭ પર

## સીઆરપીએફ કેમ્પ પર હુમલામાં બે આતંકવાદી ઠાર

**હથિયારોનો જંગી જથ્થો જપ્ત : શ્રીનગરમાં સતત બીજા દિવસે ભારતીય સેનાનું ઓપરેશન જારી : પરિવારોને સુરક્ષિત બચાવાયા**

શ્રીનગર,તા. ૧૩

જમ્મુ કાશ્મીરના પાટનગર શ્રીનગરના કરણ નગર સ્થિત સીઆરપીએફ કેમ્પ પાસે સેના અને ત્રાસવાદીઓ વચ્ચે અથડામણ આજે પણ જારી રહી હતી. સતત બીજા દિવસે સેનાનું ઓપરેશન જારી રહ્યું હતું. હજુ સુધી બે આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. ઓપરેશન સેનાનું ચાલી રહ્યું છે. સીઆરપીએફના આઈજી ઓપરેશન ઝુલ્ફીકાર હસને કહ્યું છે કે, અથડામણ હજુ પણ ચાલી રહી છે. એન્કાઉન્ટરમાં ઘણી બધી બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છે. નાગરિકો અને સંપત્તિને નુકસાન ન પહોંચે તે બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે. એકબાજુ હિમવર્ષા અને બીજી બાજુ આતંકવાદીઓના ગોળીબાર એમ બે મોરચા ઉપર ભારતીય જવાનો સાહસનો અદ્‌ભુત પરિચય આપી રહ્યા છે. સીઆરપીએફ જવાનો, પોલીસ અને સેના દ્વારા જે કેમ્પ ઉપર હુમલો કરવામાં આવ્યો હતો તેને ચારેબાજુથી ઘેરી લઈને તપાસ ચલાવી રહી છે. આજે સીઆરપીએફના આઈજી રવિદીપ સહાએ કહ્યુ હતું કે, સવારે બે આતંકવાદીઓએ ઘુસણખોરીના પ્રયાસ કર્યા હતા. પરિવારના લોકોને સુરક્ષિત કાઢવામાં આવી ચુક્યા છે. સીઆરપીએફના ઓપરેશનમાં એક જવાનને ઈજા

● અનુસંધાન પાન-૭ પર



## તાજના દિદાર માટે હવે ૨૦૦ રૂપિયાની ફી વસૂલવા નિર્ણય

**એન્ટ્રી ફી ૪૦ રૂપિયાના બદલે ૫૦ રૂપિયા**



નવીદિલ્હી,તા. ૧૩

વિશ્વના ઐતિહાસિક સ્મારકોમાં સ્થાન ધરાવનાર તાજ મહેલની મુલાકાત લેવા ઈચ્છુક પ્રવાસીઓને પહેલી એપ્રિલથી વધારે નાણાં ચુકવવા પડશે. કારણ કે સરકારે મુખ્ય મ્યુઝિયમ જોવા ઈચ્છુક લોકો માટે ૨૦૦ રૂપિયા ચાર્જ લાગૂ કરવાનો નિર્ણય કર્યો છે. સાથે સાથે એન્ટ્રી ફીમાં પણ વધારો કર્યો છે. એન્ટ્રી ફીને વધારીને ૪૦ના બદલે ૫૦ કરી દેવામાં આવી છે. પત્રકારો સાથે વાતચીત કરતા સાંસ્કૃતિક બાબતોના પ્રધાન મહેશ શર્માએ કહ્યું છે કે, આ ચાર્જ અમલી કરવા પાછળ કેટલાક હેતુ રહેલા છે જેમાં મુખ્ય હેતુ તાજમહેલના જતનનો પણ સમાવેશ થાય છે. વધુ સારા ક્રાઉડ મેનેજમેન્ટ માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. હાલમાં મુખ્ય મ્યુઝિયમમાં પ્રવેશ કરવા માટે કોઈ અલગ ફી નથી. શર્માએ કહ્યું હતું કે, આવનાર પેઢી માટે તાજમહેલને જાળવવા માટે અમને જરૂર દેખાઈ રહી છે.

નવી બારકોડ ટિકિટો અગાઉ ૪૦ રૂપિયાના બદલે હવે ૫૦ રૂપિયામાં પડશે અને માત્ર ત્રણ કલાક માટે જ લાગૂ રહેશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, મુખ્ય મ્યુઝિયમમાં પ્રવેશ કરવા માટે અલગથી ૨૦૦ રૂપિયાની ટિકિટ રહેશે. વિસ્તારના સંરક્ષણની ખાતરી કરવાના હેતુસર આ નિર્ણય કરવામાં આવ્યો છે. ક્રાઉડ મેનેજમેન્ટમાં પણ આનાથી રાહત થશે. સાંસ્કૃતિક બાબતોના મંત્રી શર્માએ વધુમાં કહ્યું હતું કે, રાષ્ટ્રીય પર્યાવરણ એન્જિનિયરિંગ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા આપવામાં આવેલા રિપોર્ટના આધાર પર આ નિર્ણય કરવામાં આવ્યો છે.

## ઔદ્યોગિક ઉત્પાદનમાં ૭.૧ ટકાનો વધારો, ફુગાવામાં ઘટાડો

ન્યુ દિલ્હી,તા.૧૩

મેન્યુફેકચરિંગ અને કેપિટલ ગુડ્‌સના જોરે ડિસેમ્બર મહિનામાં ઔદ્યોગિક ઉત્પાદન ૭.૧ ટકા વધારો થયો હોવાની માહિતી સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસે આપ્યો હતો. ખાદ્ય પદાર્થોના ભાવ થોડા ઘટવાને કારણે રિટેલ ફુગાવો ડિસેમ્બર મહિનામાં ૫.૨૧ ટકાની ૧૭ મહિનાની ઊંચી સપાટીને સ્પર્શીને જાન્યુઆરી મહિનામાં સ્હેજ ઘટીને ૫.૦૭ ટકા પર પહોંચ્યો હતો. વાણિજ્ય પ્રધાન સુરેશ પ્રભુએ ટ્વિટર પર જણાવ્યું હતું કે મેક ઈન ઈન્ડિયા પર ફોકસનું પરિણામ દેખાઈ રહ્યું છે. ડિસેમ્બર ૨૦૧૬ની સરખામણીએ ડિસેમ્બર ૨૦૧૭માં ઉત્પાદનમાં ૮.૪ ટકાનો ધરખમ વધારો નોંધાયો હતો.

ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન (આઈઆઈપી)માં ૭૭.૬૩ ટકા હિસ્સો ઉત્પાદન ક્ષેત્રનો હોય છે અને ડિસેમ્બર ૨૦૧૬ના ૦.૬ ટકાની સરખામણીએ ડિસેમ્બર ૨૦૧૭માં ઉત્પાદનમાં ૮.૪ ટકાનો ધરખમ વધારો નોંધાયો હતો.કેપિટલ ગુડ્‌સમાં રોકાણમાં ડિસેમ્બર ૨૦૧૬માં ૬.૨ ટકાના ઘટાડા સામે ડિસેમ્બર ૨૦૧૭માં ૧૬.૪ ટકાનો વધારો નોંધાયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## મુકેશ અંબાણી ૨૦ દિવસ દેશને ચલાવી શકવા સક્ષમ

**ચીનના જેક મા ચાર દિવસ સરકાર ચલાવી શકે : અંગોલા, ઓસ્ટ્રેલિયા, ચીલી અને નેધરલેન્ડમાં મહિલા પ્રભુત્વ : બેજોસ ૫ દિન અમેરિકાને ચલાવી શકે : રિપોર્ટ**

નવીદિલ્હી,તા. ૧૩

વિશ્વના સૌથી અમીર લોકો પોતપોતાના દેશમાં કેટલા દિવસ સુધી સરકાર ચલાવી શકે છે તેને લઈને પણ હાલમાં રસપ્રદ અભ્યાસ કરવામાં આવ્યા બાદ કેટલીક રસપ્રદ બાબતો સપાટી ઉપર આવી છે. આ ઉદ્યોગપતિઓ અને અબજોપતિઓની સંપત્તિના આધાર પર ગણતરી કરવામાં આવી છે. આ ઉપરાંત દરેક દેશની સરકારને ચલાવવા કેટલા રૂપિયાનો ખર્ચ થાય છે તેના આધાર પર આંકડા જારી કરવામાં આવ્યા છે. એમાં જાણવા મળ્યું છે કે, મુકેશ અંબાણી ૨૦ દિવસ સુધી સરકાર ચલાવવા સક્ષમ છે. ૪૯ લોકોની આ યાદીમાં ચાર મહિલાઓ છે જેમાં અંગોલા, ઓસ્ટ્રેલિયા, ચીલી અને નેધરલેન્ડમાં મહિલા પ્રભુત્વ ધરાવે છે. વિશ્વના સૌથી અમીર લોકો કેટલા દિવસ સુધી તેમની સરકારને ફંડ આપી શકે છે તેને લઈને પણ અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી છે. અમેરિકાના જૈફ બેજોસની સંપત્તિ ૯૯ અબજ ડોલર છે અને તેઓ અમેરિકાની સરકારને પાંચ દિવસ

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં ચંદ્રાબાબુ નાયડુ સૌથી અમીર મુખ્યમંત્રી

**ત્રિપુરાના માણિક સરકાર સૌથી ગરીબ મુખ્યમંત્રી : પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જી પાસે માત્ર ૩૦ લાખ રૂપિયાની સંપત્તિ : દેવેન્દ્ર ફડનવીસ વિરૂદ્ધ ૨૨ કેસો**





નવીદિલ્હી,તા. ૧૩

દેશમાં સૌથી અમીર મુખ્યમંત્રી કોણ છે તેને લઈને હંમેશા ચર્ચા થતી રહે છે. હાલમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબૂ નાયડુ સૌથી અમીર મુખ્યમંત્રી છે. નાયડુની સાથે અમીર લોકોની આ યાદીમાં બીજા નંબર ઉપર અરુણાચલના મુખ્યમંત્રી પેમા ખાંડુ છે અને ત્રીજા નંબરે પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંહ છે. નાયડુની પાસે ૧૭૭ કરોડ રૂપિયાની સંપત્તિ છે. ખાંડુની પાસે ૧૨૯ કરોડ અને અમરિન્દરસિંહની પાસે ૪૮ કરોડની સંપત્તિ છે. દેશના ૨૯ રાજ્યોના મુખ્યમંત્રી દ્વારા ચૂંટણી એફિડેવિટમાં આપવામાં આવેલી સંપત્તિની વિગતના આધાર પર આ આંકડા જારી કરવામાં આવ્યા છે. અમીર મુખ્યમંત્રીની સંપત્તિ જોઈને તમામને આશ્ચર્ય થઈ શકે છે. દેશના સૌથી ગરીબ મુખ્યમંત્રીઓની સંપત્તિ જોઈને પણ આશ્ચર્ય થઈ શકે છે. ત્રિપુરાની ડાબેર સરકારના મુખ્યમંત્રી માણિક સરકારની પાસે ૨૯ મુખ્યમંત્રીઓમાં સૌથી ઓછી સંપત્તિ છે. માણિક સરકારની પાસે માત્ર ૨૬ લાખ રૂપિયાની સંપત્તિ છે. તેમની પાસે પોતાની કોઈ કાર નથી અને કોઈ ઘર નથી. સરકાર બાદ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી છે. મમતા બેનર્જીની પાસે ૩૦ લાખ રૂપિયાનીસંપત્તિ છે.








